સત્યમેવ જયતે

પી.બી. ઠાકર,આઈ.એ.એસ.
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬,ગ્રાઉન્ડ ફ્લોર,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ઈ – મેઈલ : dir-sd@gujarat.gov.

જા.નં.સસુખા/અપગ/૨૦૧૭-૧૮/૫૦૮૮ તા. ૦૧/૦૭/૨૦૧૭

## પરિપત્ર

વિષય :સમાજ સુરક્ષા ખાતા હસ્તકની સ્વૈ. સંસ્થાઓમાં નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવની યોજના હેઠળ નિમણુક પામેલા કર્મચારીઓને ફિક્સ પગારમાં વધારાનો લાભ આપવા અંગે.

સંદર્ભ :(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧, તા.૨૦/૧૦/૧૫
(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧, તા.૧૮/૦૧/૧૭
(૩) સા.ન્યા. અને. અધિ. વિભાગ પત્ર ક્રમાંક: અપગ/૧૦૨૦૧૪/૮૩૫૯૯૮/છ-૧, તા. ૨૩/૬/૧૭.

નિયામક સમાજ સુરક્ષા ખાતા હસ્તકની ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ હેઠળ ૧૦૦% ગ્રાન્ટ મેળવતી તમામ સ્વૈ. સંસ્થાઓના વડાઓને જણાવવાનું કે આપની સંસ્થાઓમાં સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૬/૨/૦૬ના ઠરાવ ક્રમાંક ખરચ/૨૦૦૨/૫૭/ઝ-૧ મુજબ નિમણુક પામેલ અને તે ઠરાવની સાથે દર્શાવેલ તમામ બોલીઓ અને શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા કર્મચારીઓને સંદર્ભ-૩ના સામાજિક ન્યાય અને અધિ. વિભાગના પત્રથી મળેલ મંજુરી સંદર્ભે નાણા વિભાગના સંદર્ભ-૨ના ઠરાવથી સુધાર્યા મુજબનો ફિક્સ પગાર વધારાનો લાભ અત્રેથી મંજુર કરવામાં આવે છે.

નિયામક સમાજ સુરક્ષા ખાતાએ સંદર્ભ-૧ના તા. ૨૦/૧૦/૧૫ના ઠરાવથી નિયત કરેલ માસિક ફિક્સ પગારના દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વધારો કરવા નિર્ણય કરેલ છે આ વધારાનો અમલ થતા ફિક્સ પગાર પર મળતું માસિક "ખાસ ભથ્થું" તેમજ ખાસ ભથ્થા પર મળતો વાર્ષિક ખાસ વધારો હવે પછી મળવાપાત્ર થશે નહીં.

| ક્રમ | તા.૨૦/૧૦/૧૫ના ઠરાવ મુજબ નિયત થયેલ ફિક્સ પગાર + માસિક ખાસ ભથ્થું + રૂ. ૧૫૦૦ ખાસ ભથ્થા પરનો વાર્ષિક વધારો (રૂપિયા) | સુધાર્યા મુજબનો ફિક્સ પગાર (રૂપિયા) (તા.૧/૨/૨૦૧૭થી) |
|---|---|---|
| ૧ | રૂ. ૭૧૦૦ +૧૯૦૦ = ૯૦૦૦ + ૧૫૦૦ = ૧૦૫૦૦ | ૧૯૨૨૪ |
| ૨ | રૂ. ૭૮૦૦ +૨૨૦૦ = ૧૦૦૦૦ + ૧૫૦૦ = ૧૧૫૦૦ | ૧૯૯૫૦ |
| ૩ | રૂ. ૧૩૫૦૦ +૧૫૦૦ = ૧૫૦૦૦ + ૧૫૦૦ = ૧૬૫૦૦ | ૩૧૩૪૦ |
| ૪ | રૂ. ૧૩૭૦૦ +૧૮૦૦ = ૧૫૫૦૦ + ૧૫૦૦ = ૧૭૦૦૦ | ૩૮૦૯૦ |

નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ની નિતી હેઠળ નિમણુક પામેલ સ્વૈ.સંસ્થાઓના ફિક્સ પગાર મેળવતા કર્મચારીઓની આ પાંચ વર્ષની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો બાબતે સરકારશ્રી જ્યારે નક્કી કરશે ત્યારે વિચારણા કરવાની રહેશે.

ઉપર મુજબ નાણા વિભાગના તા.૧૬/૨/૦૬ના ઠરાવથી ફિક્સ પગારમાં નિમણુક પામેલ સ્વૈ.સંસ્થાઓના કર્મચારીઓને ફિક્સ પગારમાં વધારાનો લાભ સંદર્ભ-(૨) ના નાણા વિભાગના ઠરાવની જોગવાઇ મુજબ તા.૧/૨/૨૦૧૭થી મંજુર કરવામાં આવે છે.

સંસ્થાઓના વડાઓએ પૂરેપૂરી ચકાસણી કરી ફિક્સ પગાર વધારો અમલી બનાવી પગાર બીલમાં આકારણી કરવાની રહેશે. નાણા વિભાગના તા.૧૬/૨/૦૬ના ઠરાવ સિવાયના પાત્રતા ન ધરાવતા કર્મચારીઓને ઉપરોક્ત ઠરાવ મુજબ લાભ અપાયેલ હશે તો વસુલાત કરવાની ફરજ પડશે. જેની નોંધ લેશો.

સ્થળપ્રત ઉપર નિયામકશ્રીની સહી છે.

નિયામકવતી
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજય,ગાંધીનગર

નકલ રવાના :
(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ અર્થે.
(૨) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સર્વે સ્વૈ. સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓને પરિપત્રનો અમલ કરવા અર્થે.
(૩) સર્વે ચિલ્ડ્રન હોમના વડાઓને જાણ અર્થે.
(૪) તમામ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ અર્થે.
(૫) હિસાબી અધિકારીશ્રી, ડી.પી. સેલ શાખા
(૬) નાયબ નિયામકશ્રી, સી.પી.ડી. શાખા
(૭) નાયબ નિયામકશ્રી, યુ.પે.શાખા
(૮) હિસાબી અધિકારીશ્રી, હિસાબી શાખા
(૯) આદેશ ફાઇલ


C:\Users\Admin\Desktop\...Docx